Extra No. 345

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, DECEMBER 16, 2025 / AGRAHAYANA 25, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૨૦૨૫

તારીખ: ૧૬મી ડિસેમ્બર, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૫**ના ગુજરાત **વટહુકમ ક્રમાંક: ૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૨૦૨૫.

GUJARAT ORDINANCE NO. 3 OF 2025.

AN ORDINANCE

further to amend the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019.

સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૩.

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૨૦૧૯નો ગુજરાતનો ૪થો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ વટહુકમ ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૨૦૧૯નો ગુજરાતનો ૪થો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ થી ૭માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. સન ૨૦૧૯નો ગુજરાતનો ૪થો.

૩. **સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧માં, પેટા-કલમ (૩)માં, બે જગ્યાએ આવતા, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

૪. **સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૭નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,-

(૧) "દસ" એ શબ્દ જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

૫. **સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, "નવ કલાકથી" અને "પાંચ કલાકથી" એ શબ્દોને બદલે, અનુક્રમે "દસ કલાકથી" અને "છ કલાકથી" એ શબ્દો મૂકવા.

૬. **સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં,-

(૧) પેટા-કલમ (૨)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવોઃ-

"પરંતુ એવી કોઈ દુકાન અથવા સંસ્થા જેમાં આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી તેમના નિવાસસ્થાનના બારણા (જગ્યા) સુધીની તેની હેરફેરની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા કામદારની સંમતિથી, તેને રાત્રીના ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.";

(૨) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૩) આગળની પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેર હિતમાં, પોતે યોગ્ય ગણે તેવા વિસ્તાર અથવા વિસ્તારોમાંની આવી દુકાન અથવા સંસ્થામાં, રાત્રીના ૯ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલાં, મહિલા કામદારોના રોજગાર પર પ્રતિબંધ મૂકી શકશે અને તેનું નિયમન કરી શકશે.".

૭. **સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં,-

(૧) "નવ કલાક" એ શબ્દોને બદલે, "દસ કલાક" એ શબ્દો મૂકવા;

(૨) "એક સો પચીસ કલાકથી" એ શબ્દોને બદલે, "એકસો ચુંમાળીસ કલાકથી" એ શબ્દો મૂકવા.

નિવેદન

ગુજરાત રાજ્ય-એ, કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, મહિલાઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા અને કામકાજ કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ અધિનિયમિત કર્યો છે. તેમાં, વર્ષ દરમિયાન ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને તેને ખોલવાના અથવા બંધ કરવાના સમયની સ્વતંત્રતા માટેની, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાત પાળી દરમિયાન કામ કરવાની પરવાનગી આપવાની, સરળ બનાવેલી કાર્યરીતિથી ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની, કામદારોની સુરક્ષા અને તેમના આરોગ્ય વગેરે માટે માલિક દ્વારા લેવાનાં પૂરતા પગલાં માટેના નિયમો કરવા અંગેની સરકારની સત્તાની પણ જોગવાઇ કરી છે.

રાજ્ય સરકારને, વીસ અથવા તેથી વધુ કામદારોને કામે રાખનાર સંસ્થાઓ માટેની અધિનિયમની લાગુ પડતી મર્યાદા વધારવા માટે, સદરહુ અધિનિયમ સુધારવાનું જરૂરી જણાયું છે.

કામ અને વેતનની સમાનતા અને સમાન તક પૂરી પાડીને ઓવરટાઇમ કામ પર મહિલા કામદારોને રોજગારી આપવાનું તેમજ આવી દુકાન અથવા સંસ્થામાં પૂરી પાડવામાં આવતી હોય તેવી આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી મહિલા કામદારના નિવાસસ્થાનના બારણા (જગ્યા) સુધીની તેની હેરફેરની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવશે તે શરતને અધીન રહીને, ચોવીસ કલાક મહિલાઓ માટે રોજગારી પૂરી પાડવાનું પણ જરૂરી જણાયું છે.

રાજ્ય સરકારને, કોઈપણ ત્રિમાસ માટે ઓવર-ટાઈમ કામના કુલ કલાકની સંખ્યા એકસો ચુંમાળીસ કલાક કરતાં વધે નહિ તે રીતે કામદારોને ઓવર-ટાઈમ કામ કરવાની પરવાનગી આપવાનું પણ જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ: ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૫.

આચાર્ય દેવવ્રત,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડૉ. વિનોદ રાવ,
સરકારના અગ્ર સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.17 22:06:06 IST